## મોડાસાના મઠ ગામ નજીક ડુંગર પર

# ભીષણ આગથી ૫ હેક્ટર વનરાજી બળીને ખાખ



મોડાસા, તા. ૨૭

અરવલ્લીની ગીરીમાળાઓમાં અને જંગલ વિસ્તારમાં છેલ્લા કેટલાય દિવસો થી આગ લાગવાની ઘટનાઓ સતત બની રહી છે મોડાસાના મઠ ગામ નજીક ડુંગર સતત બીજીવાર આગ લાગી હતી અને ઝડપથી પ્રસરતી આગે ૫ હેક્ટર જેટલા વિસ્તારમાં રહેલી વનસંપદાને રાખમાં ફેરવી નાખી હતી જીલ્લા વનવિભાગ તંત્ર જંગલોમાં લગતી ભેદી આગ નું રહ્શ્ય ઉકેલવામાં ગોથા ખાઈ રહી છે અરવલ્લીના ડુંગર પર રૂખડી નામની વનસ્પતિનું પ્રમાણ વધુ માત્રામાં હોવાથી આગ ઝડપથી પ્રસરી રહી છે

મોડાસાના મઠ ના ડુંગરમાં ગઈકાલ રાત્રિથી લાગેલી ભીષણ આગે આજુબાજુના વિસ્તારમાં રહેતા પ્રજાજનોમાં લપકારા મારતી આગ અને ધુમાડાના ગોટેગોટા નીકળતા ભયનો માહોલ જોવા મળ્યો હતો વનવિભાગ તંત્રના કર્મચારીઓએ ઘટનાસ્થળે પહોંચી આગ ને કાબુમાં લેવા કવાયત હાથધરી હતી અરવલ્લી જિલ્લાની ગીરીમાળાઓમાં સતત લાગી રહેલી રહસ્યમય આગે પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડવાની સાથે વનરાજીની તારાજી સર્જી રહ્યું છે વનવિભાગ તંત્ર પણ ગોઠે ચઢ્યું છે

એ.સી.એફ મિતેષ ભાઈ સાથે સતત અરવલ્લીની ગીરીમાળાઓમાં આગ લાગવાની ઘટના અંગે પુછાતા જણાવ્યું હતું કે અરવલ્લી જીલ્લાના ડુંગરો પર લેન્ટિના કેમેરા (રૂખડી) નામની વનસ્પતિ વધુ પ્રમાણમાં હોવાથી આગ ઝડપથી પ્રસરતી હોય છે સૂકા લાકડા અને પર્ણ પણ આગ પ્રસારવામાં મહત્વનું પરિબળ છે જંગલમાં આગ લાગવાનું મુખ્ય કારણ કોઈ વ્યક્તિ કામકાજ અર્થે ગયા પછી બીડી કે કઈ સળગાવ્યા બાદ હોલવાતા ન હોવાથી આગની ઘટનાઓ બની રહી છે અન્યકારણો પણ હોઈ શકે છે હાલ વનવિભાગ તંત્ર જંગલમાં લાગતી આગનું કારણ શોધવા કામગીરી કરી રહી હોવાનું જણાવ્યું હતું.

## જીવણપૂર ચોકડી નજીક દેશી દારૂ સાથે પકડાયેલી બે મહિલા બુટલેગર પાસેથી

# ૨૫ હજારનો તોડ કરનાર પોલીસ અસલી કે નકલી...?

મોડાસા, તા. ૨૭

દારૂની બદીથી ખદબતા અરવલ્લી જીલ્લામાં પોલીસવડા મયુર પાટીલે સખ્ત કાર્યવાહીના આદેશના પગલે દારૂ-જુગારની બદી અટકાવવામાં થોડાગણા અંશે સફળ રહ્યા છે. અરવલ્લી જીલ્લામાં ઠેર ઠેર ચાલતા દેશી દારૂના પીઠા ધમધમી રહ્યા છે જીલ્લા પોલીસવડાની આંખોથી દૂર રાખવામાં જીલ્લા પોલીસતંત્ર સફળ રહ્યું લાગે છે વહીવટદારો, સ્થાનિક પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ હપ્તારાજમાં દેશી દારૂના રવાડે અનેક પરિવારો ગરીબીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. મંગળવારે સાંજના સુમારે મોડાસાના જીવણપૂર ચોકડી નજીક ઈકો કારમાં પસાર થતી છારાનગરની મહિલા બુટલેગરોને સાદા કપડામાં બે બાઈક પર પહોંચેલા ત્રણ પોલીસ કર્મીઓએ ૨૫ હજાર રૂપિયાનો તોડ કરી જવા દીધી હોવાની પંથકમાં ચર્ચાએ ચકચાર મચાવી છે. અસલી પોલીસ હોત તો પ્રોહીબીશનનો કેશ કેમ ના કર્યો..? કદાચ નકલી પોલીસે તો અસલીનો રંગ બતાવી તોડ નહિ કર્યો હોય જેવા યક્ષ પ્રશ્નો સ્થાનિકોમાં ઉઠ્યા છે

અરવલ્લી જીલ્લામાં બુટલેગરો સાથે પોલીસની ભાઈબંધી અને હપ્તારાજની આડમાં બુટલેગરો બેફામ બન્યા છે મોડાસાના જીવણપૂર નજીક આવેલા છારાનગરમાં વર્ષો થી દેશી દારૂની ભઠ્ઠીઓ માં હજ્જારો લીટર દેશી દારૂનું દરરોજ ઉત્પાદન થાય છે અને જીલ્લાના શહેરો થી ગ્રામ્ય વિસ્તાર અને અમદાવાદ સુધી છારાનગરના દેશી દારૂની ડિમાન્ડ હોવાથી ખાનગી વાહનો મારફતે પહોંચાડવામાં આવે છે છારાનગર પોલીસતંત્ર માટે કમાઉ દીકરો બની રહ્યું છે

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર બુધવારે સાંજે મોડાસા-શામળાજી રોડ પર આવેલી જીવણપૂર ચોકડી નજીક ઈકો કારમાં દેશી દારૂના જથ્થા સાથે પસાર થતી હતી ત્યારે બાઈક પર ધસી આવેલા સાદા કપડામાં રહેલા ત્રણ વ્યક્તિઓએ એલસીબી પોલીસની ઓળખાણ આપી કાર અટકાવી દીધી હતી કારમાં દારૂની હેરાફેરી કરતી બંને મહિલાઓ સામે કાયદાનો રોફ બતાવતા ફફડી ઉઠી હતી તકનો લાભ ઉઠાવી બંને વ્યક્તિઓએ કેશ ના કરવો હોય તો ૩૦ હજાર રૂપિયાની માંગ કરતા મહિલાઓએ ૨૦ હજાર આપવાની વિંનતી કરતા વહીવટદાર પણ ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને છેલ્લે ૨૫ હજાર રૂપિયાનો તોડ કરી બંને મહિલાઓને બા અદબ જવા દીધી હતી સમગ્ર ઘટના કરિયાણાની દુકાન અને અનાજ દળવાની ઘંટી નજીક બનતા લોકોમાં પણ ભારે અચરજ ફેલાયું હતું

આજુબાજુમાં તમાશો જોઈ રહેલા લોકો તોડ કરનાર પોલીસ અસલી હતી કે નકલી સમાજે તે પહેલા બે બાઈક પર પહોંચેલા ત્રણ પોલીસ કર્મચારીઓ કે નકલી પોલીસ રફુચક્કર થઈ ગયા હતા.

# પ્રાંતિજમાં ઝેરી દવા પીને મોતને વ્હાલુ કરનાર મૃતકનો રઝળતો મૃતદેહ

**સાત દિવસ બાદ પણ વાલી વારસદારો ના સ્વીકારતા કોલ્ડ પેટીમાં : પ્રાંતિજ પોલીસ દુવિધામાં મુકાઇ**

પ્રાંતિજ તા.૨૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે તા.૨૧-૩-૨૦૧૯ ને રાત્રીના સમયે પતિ- પત્ની વચ્ચે ઘર કંકાસ થતાં પત્ની એક બાળકી ને લઈ જતી રહી તો છ બાળકોના પિતા પતિએ દવા પીલેતા મોત નિપજ્યું.



પ્રાંતિજ ખાતે પટેલ જગદીશ કુમાર નટવરભાઈ પટેલ કે જેવોનું જેસગપુરા સીમમાં આવેલ ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતો દિલીપભાઈ પુંજાભાઈ ડાભી ઉ.વર્ષ-૪૫ મૂળ. રહે. નાની બાવળ તા.ખેડબ્રહ્મા અને હાલ તે જગદીશભાઈ પટેલ ને ત્યાં ભાગીયા તરીકે પોતાની પત્ની તથા તેના છ બાળકો સાથે રહેતો હતો પણ ૨૧ માર્ચના રોજ સાંજે પોતાની પત્ની સાથે બોલાચાલી થતાં તેની પત્ની તેની મોટી દિકરીને લઈને ચાલી ગઈ હતી. ઘરકંકાસને લઈને લાગી આવતાં દિલીપભાઈ પુંજાભાઈ ડાભી એ ઝેરી દવા પી લેતા તેનું મોત નિપજ્યું હતું.

આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશન માં જગદીશ કુમાર નટવરભાઈ પટેલ દ્વારા કરાતા પ્રાંતિજ પોલીસે ઘટના સ્થળે જઈને સી.આર.પી.સી કલમ- ૧૪૭ મુજબ ગુનોનોધી લાશ ને પ્રાંતિજ સિવિલ ખાતે લઈ જવામાં આવી હતી આગળ ની તપાસ સાથે પ્રાંતિજ પોલીસે ખેડબ્રહ્મા ના નાની બાવળ ખાતે જઈને મૃતકની પત્નીનો તથા મૃતકના સગા-સંબંધીઓનો સંપર્ક કર્યો પણ મૃતકની પત્ની તથા મૃતકના મામા સગા-સંબંધીઓએ મૃતદેહને સ્વિકારવાનો ઈન્કાર કર્યો છે. તો આજે ઘટનાને સાત-સાત દિવસ બાદ પણ મૃતકની પત્ની કે મૃતકના મામા કે અન્ય કોઈ સગાસંબંધીઓ મૃતકનો મૃતદેહ સ્વિકારવાની ના પાડતા હાલ તો પ્રાંતિજ પોલીસ દુવિધામાં મુકાઈ છે. તો બીજીબાજુ હાલ પાંચ બાળકો પણ ખેડૂતના ખેતરમાં હોવાથી ખેડૂત પરિવાર પણ દુવિધામાં મુકાયો છે તો બીજીબાજુ પ્રાંતિજ આરોગ્ય કેન્દ્રમાં પી.એમ. રૂમમાં પેટીમાં મૃતકનો મૃતદેહ મુકેલ છે. હાલતો મૃતક ની પત્ની તથા મૃતક ના મામા તથા અન્ય સગાસંબંધીઓ લાશ ને સ્વિકાર ના પાડતા સાત દિવસ થી મૃતક ની લાશ છતાં વાલી વારસદારોએ લજરતી બની છે તો હજુ કોઈ નિવારણ નહી આવેતો લાશ ને લઈને મોટો રોગ ચાળા ની દહેશત ઉભી થઈ છે ત્યારે બીજી બાજુ મૃતકના મૃતદેહને લઈને પોલીસ પણ દુવિધામા મુકાઈ છે.

# મેઢાસણ ગામ નજીક મારુતિ વાન ભડભડ સળગી ઉઠી

**વાન ચાલકનો આબાદ બચાવ : ટ્રાફિક જામ સર્જાયો**



મોડાસા, તા. ૨૭

અરવલ્લી જીલ્લમાં સીએનજી કીટ ધરાવતા વાહનોમાં મોટા પ્રમાણમાં વધારો થયો છે સીએનજી ગેસ થી ચાલતા વાહનો જીવતા બોંબ સમાન હોય તેમ અનેકવાર જીલ્લામાં રોડ પરથી પસાર થતા ચાલુ વાહને સળગી ઉઠાવાની ઘટનાઓ સામે આવી રહી છે કેટલાક વાહનચાલકો હલકી ગુણવત્તા વાળી સીએનજી કીટ વાહનોમાં લગાવી વાહનો હંકારી લોકોના જીવ જોખમમાં મૂકી રહ્યા છે મોડાસાના મેઢાસણ ગામ નજીક રોડ પરથી પસાર થતી કારમાં આગ લાગતા કાર ચાલક કાર માંથી જીવ બચાવી નાઠયો હતો કાર થોડીકજ ક્ષણોમાં સ્વાહા થઈ હતી કારમાં આગ લાગતા બંને તરફ વાહનોની લાંબી કતાર જામી હતી

મોડાસા-હિંમતનગર ધોરીમાર્ગ પર મોડાસા તરફથી હિંમતનગર તરફ જતી મારૂતીવાન મેઢાસણ પાટિયાના ઢાળ પર કારમાં અગમ્ય કારણોસર આગ લાગતા કાર ચાલક કાર રોડ પર ઉભી રાખી ઉતરી જતા સદનસીબે જાનહાની ટળી હતી કારમાં આગ લાગતા થોડીકજ મિનિટોમાં આગમાં કાર સ્વાહા થઈ ગઈ હતી કારમાં આગ લાગતા ભારે અફડાતફડી મચી હતી બંને બાજુ ટ્રાફિક જમણા દ્રશ્યો સર્જાયા હતા.

# પ્રાંતિજ શાળા નંબર-૨માં વિદ્યાર્થીઓને પગરખાં વિતરણ

**છેલ્લાં ૧૨ વર્ષ થી શાળાના બાળકો ને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા પગરખાં નું વિતરણ કરવામાં આવે છે : નવા પગરખાં મળતા બાળકોના ચહેરા ઉપર સ્મિત જોવા મળ્યું**



પ્રાંતિજ તા. ૨૭

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ગુજરાતી શાળા નંબર- ૨ નાં ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા શાળાના વિદ્યાર્થીઓને છેલ્લાં ૧૨ વર્ષથી પગરખાં નું વિતરણ કરવામાં આવે છે.

પ્રાંતિજ ભાખરીયા બસ સ્ટેન્ડ ખાતે આવેલ પ્રાથમિક ગુજરાતી શાળા નંબર- ૨ માં વર્ષો પહેલાં અભ્યાસ કરી ને ઉચ્ચ કક્ષાએ હોદો મેળવીને નિવૃત્ત થઈ નિવૃત જીવન વિતાવતા અરવિંદભાઈ શાંતિલાલ શાહ હાલ રહે.અમદાવાદ તેવો ને પોતાની શાળા પ્રત્યે પ્રેમ અને ગૌરવ હોવાથી તેવો છેલ્લા ૧૨ વર્ષથી પ્રાંતિજ ખાતે આવી ને શાળાના બાળકોને પગરખાં ઓનું વિતરણ કરેછે તો આ વર્ષે પણ શાળાનાં ૩૪૦ વિદ્યાર્થી વિદ્યાર્થીઓને પગરખાં નું વિતરણ કરવામાં આવ્યું હતું તો આ પ્રસંગે શાળાના આચાર્ય કિશનસિંહ પરમાર ભૂતપૂર્વ શિક્ષક શંભુભાઈ રાવલ, શિક્ષિકા હર્ષિદાબેન ભાવસાર, રાજુભાઈપટેલ, મિતેશભાઈ, કિંજલ બેન મોદી રેણુકા બેન કડીયા, હિનાબેન, કોમલ બેન સહિત શાળાનો સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને તેમના પગ ના માપ મુજબ પગરખાંઓ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

# બાસ્કેટ બોલમાં હિંમતનગરના દિવ્યાંગે સિલ્વર મેડલ મેળવ્યો

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલીત હિંમતનગરની મંદબુદ્ધિની બાળકોની સંસ્થામાં ભણતા એક દિવ્યાંગ વિદ્યાર્થી તાજેતરમાં બાસ્કેટ બોલની આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લઈને સિલ્વર મેડલ મેળવી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે.

આ અંગેની વિગત એવી છે કે મંદબુદ્ધિની બાળકોની સંસ્થામાં ભણતા વિજાપુર તાલુકાના તોતાસણ ચિરાગ ઠાકોરે નાનપણમાંથી બાસ્કેટ બોલની સ્પર્ધામાં રૂચી કેળવી હતી. જે આધારે તેનું ગુજરાતની ટીમમાં પસંદગી થતા તે બિહાર રમવા માટે ગયો હતો. જ્યાં ઉજ્જવળ દેખાવ કરતા તેની પસંદગી આંતરરાષ્ટ્રીય ટીમમાં થઈ હતી. જે આધારે માર્ચ મહીનામાં અબુધાબી ખાતે યોજાયેલી બાસ્કેટ બોલની સ્પર્ધામાં ભાગ લઈ સિલ્વર મેડલ માટે પસંદગી થઈ હતી. જે બદલ તેનું સંસ્થા વતી પ્રમુખ તેમજ ટ્રસ્ટી મંડળ દ્વારા વિશેષ સન્માન કરાયું હતું. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૩માં મંદબુદ્ધિના બાળકોની સંસ્થાના ત્રણ બાળકોએ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લીધો હતો.

# હિંમતનગરમાં લીકેજના કારણે બે વર્ષથી પાણીનો વેડફાટ

**તપાસ કરવાનો વાયદો કર્યો પણ અધિકારીઓ ફરક્યા નહિ**

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠામાં પીવાના પાણીનો કકળાટ શરૂ થઈ ગયો છે. ત્યારે હિંમતનગર-ઈડર રોડ પર સ્પીનીંગ મિલ નજીકથી પસાર થતી ધરોઈ-સવગઢ જુથ પાણી પુરવઠાની પાઈપલાઈનમાં બે વર્ષથી થયેલા લીકેજને કારણે પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. જે અંગે દોલગઢ ગામના એક ૮૦ વર્ષના વૃદ્ધે સોમવારે હિંમતનગર સ્થિત પાણી પુરવઠા કચેરીમાં રજુઆત કરતા તેમને હડધુત કરાયાના આક્ષેપ સાથે આ વૃદ્ધે મંગળવારે તે અંગે જિલ્લા કલેક્ટર કચેરીના લેખિત રજુઆત કરી છે.

આ અંગે દોલગઢ ગામના રહીશ ડાહ્યાભાઈ સાકાભાઈ પટેલે કરેલી લેખિત રજુઆતમાં જણાવ્યા મુજબ છેલ્લા બે વર્ષથી સ્પીનીંગ મિલ નજીકથી પસાર થતી ધરોઈ-સવગઢ જુથ પાણી પુરવઠાની લાઈનમાં લીકેજને કારણે રોજનું હજારો લીટર પાણી વેડફાઈ રહ્યું છે. જે અંગે તેમણે અવારનવાર પાણી પુરવઠા વિભાગને જાણ કરી હોવા છતાં કોઈ પગલા લેવાયા નથી. જે અંગે દોલગઢના આ વૃદ્ધે સોમવારે પાણી પુરવઠા વિભાગના અધિકારીઓ સમક્ષ ફરીથી રજુઆત કરતા તેમણે રૂબરૂ આવીને તપાસ કરવાની હૈયાધારણ આપી હતી. જેથી ડાહ્યાભાઈ પટેલ ઉનાળાની બપોરે હાજર રહ્યા હતા. પરંતુ કોઈ અધિકારી સ્થળ તપાસ માટે આવ્યા ન હતા ઉલ્ટાનું વિભાગના કર્મચારીઓ દ્વારા તેમને હડધુત કરાયા હોવાનો આક્ષેપ કર્યો છે.

ત્યારબાદ પાણીની અછત અને તેનો થઈ રહેલો વેડફાટ બંધ કરવા માટે ડાહ્યાભાઈએ મંગળવારે જિલ્લા કલેક્ટર કચેરીમાં લેખિત રજુઆત કરીને સત્વરે પાણીનું લીકેજ બંધ કરી જવાબદાર અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલા લેવાની માંગ કરી છે.

# ટૂંક સમયમાં હિંમતનગરના ખાડીયા અને દેસાઈવાડામાં ગેસ પાઈપલાઈન નંખાશે

**ગેસ કંપની દ્વારા સર્વે કરી જાત માહિતી એકત્ર કરાઈ : ૧૫ એપ્રિલ પછી પાઈપલાઈન નાખવાની કામગીરી શરૂ કરાશે**

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા જિલ્લામાં શહેરી તથા ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી કેરોસીન અને ગેસ સિલેન્ડરનો કકળાટ થતો નથી ત્યારે તેના કારણે મહીલા વર્ગ ખુબજ ખુશ છે. પરંતુ હિંમતનગરના હાર્દસભા ગણાતા ખાડીયા અને દેસાઈવાડાના રહીશોની અનેક રજુઆતો છતાં તેમને પાઈપલાઈનથી ગેસ મળતો નથી. પરંતુ આ વિસ્તારના અગ્રણીઓએ ગેસ કંપનીમાં કરેલી ધારદાર રજુઆતો બાદ આગામી તા. ૧૫ એપ્રિલ પછી આ વિસ્તારમાં ગેસ લાઈન નાંખવાનો નિર્ણય લેવાયો છે. તો બીજી તરફ નગરપાલીકાના સત્તાવાળાઓ આડા ફાટ્યા છે. તેમ છતાં તેમાંથી કોઈક રસ્તો જરૂર નિકળશે તેવો આશાવાદ સેવાઈ રહ્યો છે.

આ અંગે આધારભુત સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સાબરકાંઠામાં સાબરમતી ગેસ કંપનીના માધ્યમથી લોકોને પાઈપલાઈન મારફતે રાંધણગેસની લાઈન અપાઈ રહી છે. તેમાં પ્રાંતિજ, તલોદ, હિંમતનગર સહીતના અનેક શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ઓનલાઈન ગેસ લોકોને મળી રહ્યો છે. હિંમતનગરમાં પણ વર્ષો અગાઉ કેટલાક વિસ્તારોને આવરી લેવાયા હતા. પરંતુ શહેરના હાર્દ સમા ખાડીયા, દેસાઈવાડા તથા આ વિસ્તારના અન્ય મકાનોમાં પાઈપલાઈનથી ગેસ અપાતો ન હતો. જોકે વર્ષો અગાઉ આ વિસ્તારના કેટલાક લોકોએ ગેસ કંપનીમાં ડિપોઝીટ ભરી હોવા છતાં તેમની સામે કોઈ જોતુ ન હતુ. આખરે દેસાઈવાડા તથા ખાડીયા વિસ્તારના લોકોએ કરેલી રજુઆત બાદ ગેસ કંપની દ્વારા દેસાઈવાડા સહીત ગેસ લાઈનથી વંચિત વિસ્તારોનો સર્વે કરાયો હતો.

ત્યારબાદ ગેસ કંપની દ્વારા આ વિસ્તારોમાં ગેસની પાઈપલાઈનના ખોદકામ માટે નગરપાલીકાના સત્તાવાળાઓનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પરંતુ પાલીકાના સત્તાવાળાઓએ પાઈપલાઈનનું કામ કરનાર ઈજારદાર દ્વારા ખોદકામ કરાયા બાદ તેના રીસરફેસિંગની જવાબદારી થોપવાનો પ્રયાસ કરાયો છે. તેમ છતાં આગામી દિવસોમાં ગેસ કંપનીના અધિકારીઓ દ્વારા પાલીકાનો સંપર્ક કરવાનું નક્કી કરાયું છે. દરમ્યાન વિજ કંપની દ્વારા આગામી તા. ૧૫ એપ્રિલ બાદ ખાડીયા અને દેસાઈવાડા સહીતના અન્ય ગેસ લાઈનથી વંચિત વિસ્તારોનો પાઈપલાઈન નાંખવાની કામગીરી શરૂ કરાશે.

# લોકસભાની ચૂંટણી માટે આજથી ઉમેદવારીપત્રો ભરાશે

**સાબરકાંઠા બેઠક માટે કોંગ્રેસ કોઈ ઉમેદવાર જાહેર ન કરતા કાર્યકરો અવઢવમાં**

હિંમતનગર, તા. ૨૭

કેન્દ્રીય ચૂંટણીપંચ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણીની તારીખો જાહેર કરાઈ છે. ત્યારે તેમાં ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો માટે ત્રીજા તબક્કામાં મતદાન થનાર છે ત્યારે તા. ૨૮ માર્ચના રોજ ચૂંટણીનું સત્તાવાર જાહેરનામુ પ્રસિદ્ધ કરાશે. અને આજ દિવસથી ચૂંટણી લડવા માંગતા ઉમેદવારો પોતાના ઉમેદવારીપત્રો ભરી શકશે. આ ઉમેદવારીપત્રોની ચકાસણી તા. ૫ એપ્રિલે કરાશે.

લોકસભાની ચૂંટણીને લઈને ભાજપે સાબરકાંઠા બેઠકના ઉમેદવારની જાહેરાત કરતાની સાથે જ તેમના ટેકેદારો અને પક્ષના કાર્યકરો દ્વારા ચૂંટણીલક્ષી કામગીરીનો પ્રારંભ કરી દેવાયો છે. ત્યારે કોંગ્રેસના ઉમેદવારની જાહેરાત બુધવાર સુધી ન થવાને કારણે કાર્યકરો અને અગ્રણીઓ અવઢવમાં મુકાયા છે. જોકે બુધવારે મોડી રાત સુધીમાં કોંગ્રેસના ઉમેદવારની જાહેરાત થવાની શક્યતા છે.

દરમ્યાન રાજ્ય ચૂંટણી પંચ દ્વારા ગુજરાતની ૨૬ બેઠકો માટેનું ચૂંટણીનું જાહેરનામુ તા. ૨૮ માર્ચના રોજ પ્રસિદ્ધ કરાયા બાદ તમામ બેઠકો માટે ચૂંટણી લડવા માટે ઉમેદવારો તેમના ઉમેદવારી પત્રો ભરીને રજાના દિવસો સિવાય પરત કરી શકશે. જે મુજબ સાબરકાંઠા બેઠક પરથી ચૂંટણી લડનાર ઉમેદવારો તેમના ઉમેદવારીપત્રો હિંમતનગર ખાતે આવેલ જિલ્લા સેવા સદન કચેરીમાં ૧૧ થી ૩ વાગ્યા સુધી આપી શકશે. આ ઉપરાંત પ્રાંત અધિકારીની કચેરીમાં પણ ઉમેદવારીપત્રો ભરીને આપી શકશે. ભરાયેલા ઉમેદવારીપત્રોની ચકાસણી ૫ એપ્રિલને શુક્રવારે કરાશે. અને તા. ૭ એપ્રિલ સુધી ઉમેદવારીપત્રો પરત ખેંચી શકાશે.

# લોકસભાની ચૂંટણીને લઈ હિંમતનગર અને ઈલોલમાં ફ્લેગ માર્ચ યોજાઈ

હિંમતનગર, તા. ૨૭

સાબરકાંઠા લોકસભાનું બેઠકનું આગામી તા. ૨૩ એપ્રિલે ચૂંટણી યોજાનાર છે ત્યારે વહીવટીતંત્ર દ્વારા તમામ પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે વિવિધ પગલા લેવાઈ રહ્યા છે. તથા કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ચૂંટણી પંચના આદેશ મુજબ સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોને સ્થાનિક તંત્ર દ્વારા અલગ તાળવી દેવાયા બાદ ત્યા મતદાન શાંતિપૂર્ણ થાય તે માટે પગલા લેવાઈ રહ્યા છે. ત્યારે બુધવારે હિંમતનગર અને ઈલોલમાં સ્થાનિક પોલીસની મદદથી સરહદી જવાનોની ઉપસ્થિતિમાં ફ્લેગમાર્ચ યોજાઈ હતી.

આ અંગે પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ લોકસભાની ચૂંટણીના ભાગરૂપે બુધવારે હિંમતનગર એ.ડીવીજન પોલીસ સ્ટેશનની હદમાં આવેલ મહાવીરનગર, છાપરીયા, સહકારીજીન સહીતના અન્ય વિસ્તારોમાં સ્થાનિક પોલીસની મદદથી સરહદી જવાનો રોડ પર ચાલીને ફ્લેગ માર્ચ યોજી હતી. જેને લઈને આ વિસ્તારના લોકોમાં કુતૂહલ ફેલાયુ હતુ. તેજ પ્રમાણે હિંમતનગર તાલુકાના ઈલોલ ગામે પણ ફ્લેગ માર્ચનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

દરમ્યાન જિલ્લા પોલીસ વડાના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ આગામી દિવસોમાં જેમ જેમ મતદાનની તારીખ નજીક આવશે ત્યારે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે રાજ્યના ગૃહ વિભાગ દ્વારા વધારાની કુમુક જિલ્લામાં અનેક ઠેકાણે ગોઠવાઈ જશે. અને જરૂર પડે તો સંવેદનશીલ અને અતિસંવેદનશીલ વિસ્તારોમાં વધુ જાવનોને તહેનાત કરવા અંગે અભ્યાસ કરાયા બાદ નિર્ણય લેવાશે.

લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આગામી દિવસોમાં હિંમતનગરના બાકી વિસ્તારોને ઉપરાંત પ્રાંતિજ, તલોદ, ઈડર, વડાલી સહીતના અન્ય સ્થળે ફ્લેગમાર્ચ યોજાશે.

# મોડાસાના સબલપુર ગામના તળાવમાંથી મૃતદેહ મળતા ચકચાર

મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન નજીક સબલપુર ગામમાં રહેતો અતુલ નામનો યુવક રવિવારે સાંજે મિત્રો સાથે નજીકમાં આવેલા મેદાનમાં ક્રિકેટ રમવા ગયા બાદ પરત ન ફરતા પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. અતુલ નામના યુવકનો મૃતદેહ પાલનપુર ગામના તળાવમાંથી મળી આવતા પરિવારજનો અને મોડાસા રૂરલ પોલીસ ઘટનાસ્થળે પહોંચી મૃતક યુવકનો મૃતદેહ પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પરિવારજનોએ યુવકની પ્રેમ પ્રકરણમાં હત્યા કરાયો હોવાનો આક્ષેપ કરતા સનસનાટી મચી હતી.

મોડાસા નજીક આવેલા સબલપુર ગામનો અતુલસિંહ ટિનુસિંહ મકવાણા (ઉં.વર્ષ આશરે-૨૦) રવિવારે સાંજના ઘરેથી ક્રિકેટ રમવા ગયા બાદ મોડી રાત્રી સુધી ઘરે પરત ન ફરતા પરિવારજનો સહીત ગામલોકોએ શોધખોળ હાથ ધરી હતી. બીજા દિવસે પણ સગા-સબંધી અને સંભવિત તમામ સ્થળોએ તપાસ હાથ ધરી હતી ત્યારે મંગળવારે સવારના સુમારે પાલનપુર ગામના તળાવમાં એક યુવકનો મૃતદેહ હોવાની માહિતી મળતા પરિવારજનો પાલનપુર તળાવમાં પહોંચતા મૃતદેહ તેમના વ્હલાસોયા દીકરાની નીકળતા પરિવારજનોએ આક્રંદ કરી મૂક્યું હતું.

# મેઘરજમાં સ્માર્ટ ફોનની ઘેલછામાં યુવકને મોબાઈલની ચોરી કરવી ભારે પડી

સ્માર્ટ મોબાઈલ ફોન અને સોશ્યલ મીડિયાના જમાનામાં અબાલ, વૃદ્ધ સૌ કોઈ તેના બંધારણી બન્યા છે. યુવાનો અને યુવતીઓમાં સ્માર્ટ મોબાઈલ ફોનનું વિશેષ વળગણ જોવા મળે છે અને સ્ટેટસ સિમ્બોલ બની ગયો છે. સ્માર્ટ ફોનની ઘેલછામાં એક કોલેજીયન યુવાન મેઘરજ નગરની મોબાઈલની દુકાનમાં મોબાઈલ ખરીદવાના બહાને એન્ડ્રોઈડ મોબાઈલ ફોનની દુકાનદારની સામે લૂંટ ચલાવી નાસી છૂટતા દુકાનદાર સહીત લોકોએ પીછો કરી યુવકને ઝડપી પાડી મેથીપાક ચખાડ્યો હતો. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થતા સોશ્યલ મીડિયામાં વિડિઓ વાઈરલ થયો હતો. અરવલ્લી જીલ્લાના મેઘરજ નગરમાં બજારમાં આવેલી તમન્ના મોબાઈલ શોપેમાં બપોરે ૩.૫૦ વાગ્યાના સુમારે એક બુકાનધારી કોલેજીયન જેવા દેખાતા યુવાને મોબાઈલ શોપના માલિકને મોબાઈલ ખરીદવાની વાત કરી મોબાઈલનું બિલ બનાવી થેલીમાં પેક કરી યુવકની સામે મુકતા યુવકે ખિસ્સામાંથી રૂપિયા કાઢવાનો ડોળ કરી બે ગ્રાહકનો હાજરીમાં હિંમતભેર મોબાઈલ લઈ નાસી છૂટતા દુકાનમાલિક અને ગ્રાહકોએ યુવકને પકડવા બુમાબુમ કરી પીછો કરતા દુકાન માલિક અને લોકોએ મોબાઈલ ચોરને ઝડપી પાડી મેથીપાક ચખાડી પોલીસને સોંપવાની તજવીજ હાથ ધરી હતી. મોબાઈલ શોપમાં રહેલા સીસીટીવી કેમેરામાં સમગ્ર ઘટના કેદ થતા મોબાઈલ લૂંટનો વિડીયો વાઈરલ થતા મોબાઈલની લૂંટ કરનાર યુવકની હિમ્મત જોઈ લોકો પણ વિચારમાં પડી ગયા હતા.

